# પૈસો કયે માર્ગે આવ્યો તે અગત્યનું



પશુપક્ષી, જીવજંતુ અને મનુષ્ય સહિત સૌ સુખ ઇચ્છે છે. સુખ માટે થતો પુરુષાર્થ કરનારા ઘણા મળશે. સૌ પોતાનું જીવન વ્યતીત કરે છે. આ તો સર્વત્ર જોવા મળે છે. પોતાના પ્રયાસથી મળેલું સુખ આનંદ આપે છે પરંતુ પોતાને મળેલું સુખ બીજાને દુઃખી કરીને જો મળતું હોય તો તેનો સ્વીકાર ઋષિચિંતનમાં થતો નથી.

ખૂબ પુરુષાર્થ કરી કોઇ વ્યક્તિ પોતાનું ઘર ઊભું કરે અને પોતાના કુટુંબ સાથે જો તે આનંદથી જીવન વ્યતીત કરે તો તેના પુરુષાર્થને સમાજ વધાવી લે છે પરંતુ બીજાને છેતરીને કે હાનિ પહોંચાડીને જો તે પૈસેટકે ગોઠવાઈ ગયો તો સમાજ તેનો સ્વીકાર કરતો નથી. ભારતીય વિચારધારા પ્રમાણે મારા સુખમાં અન્યના સુખનો પણ ભાગ છે જ એ વિચારધારાને જ સમાજે માન્યતા આપેલી છે. તેથી ખોટે માર્ગે પૈસો એકત્રિત કરી સુખસાહ્યબીમાં કોઇ જીવતો દેખાય તો સાચા અર્થમાં તે સુખી નથી. તેનું મન તો પોતે ખોટું કર્યું છે તેની બૂમ પાડતું જ રહે છે. આપણા સુખથી બીજાનું સુખ પણ વધે તે જ સાચા સુખનો માર્ગ છે. આપણા સમાજમાં રાતોરાત ખોટે માર્ગે પૈસો મેળવી ધનવાન બની જનારા ઘણા છે.

**ઋષિવાણી**
**નરેશ ભટ્ટ**

શાસ્ત્રોએ પાયાની વાત એ જ કહેલી છે કે કોઇને છેતરીને, દુઃખી કરીને તમને ખોટે માર્ગે પણ પૈસો મળી શકે છે પરંતુ એ પૈસો સુખ આપતો નથી. શાસ્ત્રોમાં ઋષિ ચિંતન ઠેરઠેર જોવા મળે છે. કોઇને દુઃખી કરીને એટલે અવળે માર્ગે ધન તો મેળવી શકાય છે પરંતુ એ ધન સુખકર નીવડતું નથી એવાં અનેક દષ્ટાંતો સમાજમાં લોકો જોતાં આવ્યાં છે.

પૈસો મેળવવા પ્રામાણિક પુરુષાર્થ કરવાની જરૂર છે જ અને એ રીતે જો તે ધનવાન થાય તો તેની બુદ્ધિ સ્થિર રહે છે. તેથી પોતાના સુખને તે સમાજમાં વહેંચવા પ્રયત્ન કરે છે. આવા જે લોકો છે તેઓ આજીવન આનંદથી જીવન જીવી જાય છે અને એ રીતે સમય આવે ત્યારે આનંદથી જીવન છોડી પણ જાય છે. મૂળ તો પૈસો જ સુખ આપે છે એ પાયાનો વિચાર જ બદલવાની જરૂર છે. પૈસો કયે માર્ગે આવ્યો તે અગત્યનું છે અને મોટે ભાગે લોકો આ સૂત્રને ભૂલી જાય છે અને ચીલાચાલુ માર્ગે જીવન પસાર કરી દે છે. મનુષ્યજીવન બીજી વખત મળે કે ન પણ મળે તે વિચારીને જીવન જીવવાની જરૂર છે.

> ખોટે માર્ગે પૈસો એકત્રિત કરી સુખસાહ્યબીમાં કોઇ જીવતો દેખાય તો સાચા અર્થમાં તે સુખી નથી. તેનું મન તો પોતે ખોટું કર્યું છે તેની બૂમ પાડતું જ રહે છે. આપણા સુખથી બીજાનું સુખ પણ વધે તે જ સાચા સુખનો માર્ગ છે. આપણા સમાજમાં રાતોરાત ખોટે માર્ગે પૈસો મેળવી ધનવાન બની જનારા ઘણા છે

# સંયમ જીવનનું ઘરેણું છે



જાત પરનો સંયમ જીવનમાં ખૂબ મહત્ત્વની બાબત છે. ક્રોધ અને કડવા વેણ ઘણી મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. અંગારા પર રાખ જામેલી હોય તો તેને ઉડાવવામાં સાવચેતી રાખવી પડે, તેમાં જો ઉતાવળ કરવામાં આવે તો અંગારા ઊડે અને દાઝી જવાય. એમ જીવનમાં પણ સાવધાની વર્તવી પડે છે. તમારે જો કોઇને ટકોર કરવાની હોય તો એ સંયમ પૂર્વક મીઠાશથી કરવી જોઈએ. તો એની અસર થાય છે. અને સંબોધો બગડતા નથી. પણ આપણે ક્રોધમાં આવી જઈ કડવા વેણ ઉચ્ચારી દઇએ તો બાજી બગડી જાય છે. ક્રોધના કારણે ઘણા કુટુંબો વિચ્છેદ પામ્યા છે. ઘણી હત્યાઓ પણ થઈ છે.

સંયમનું એક સરસ ઉદાહરણ આપ્યું. ઇટલીનાં મહારાણી ભારે ક્રોધી હતાં. તે વાતવાતમાં ગરમ થઈ જાય. સ્વભાવ ઝેરીલી નાગણ જેવો. વળી ઈર્ષા પણ ભારોભાર. એ સૈનિકોને, અધિકારીઓને, પ્રજાજનોને નાનીમોટી ભૂલ બદલ ભારે સજા કરી દેતી અને ચપરાશીઓ તથા સૈનિકોને તો ખૂબ ગંદી ગાળો દઇ ઉતારી પાડતી. આથી આ રાણી ખૂબ અપ્રિય થઇ ગયેલાં.

લોકો તેના વિષે ખૂબ ટીકા કરતા. કેટલાક તો તેની સામે બળવો કરવાનું વિચારતા પણ ઘણા તો રાણીની ખુશામત કરીને હા જી-હા કરતા. સમય જતાં રાણીને પ્રજાજનોની વાતો સાંભળવા મળી, રાણીને લાગ્યું કે પોતે પોતાના વર્તાવથી અપ્રિય થઈ રહી છે અને ગમે ત્યારે વિદ્રોહ ફાટી નીકળશે એટલે કોઇની સલાહથી એણે સંયમથી વર્તવાનું શરૂ કર્યું. સૈનિકોને બોલાવ્યા તો સૈનિકોને લાગ્યું રાણી મોતની સજા ફરમાવશે પણ રાણીએ પ્રેમથી ભોજન કરાવી બધાને માફ કર્યા ત્યાર પછી સારા જીવન તરફ વળ્યાં અને એ રાણી લોકપ્રિય ગણાવા માંડયાં.

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

> તમારે જો કોઇને ટકોર કરવાની હોય તો એ સંયમપૂર્વક મીઠાશથી કરવી જોઇએ. તો એની અસર થાય છે



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૧૦ થી ૧૬ જૂન ૨૦૨૪

**તા. ૧૦ સોમવાર**
જેઠ સુદ ચોથ વિનાયક ચોથ, ઉમા ચતુર્થી, ગુરુ અર્જુનદેવ શહીદ દિન

**તા. ૧૧ મંગળવાર**
જેઠ સુદ પાંચમ મહાદેવ વિવાહ-ઓડિશા

**તા. ૧૨ બુધવાર**
જેઠ સુદ છઠ સ્કંદ, આરોગ્ય, અરણ્ય ષષ્ઠી, શિતલાષષ્ઠી ઓડિશા, વિધ્યવાસીની પૂજા, જમાઇષષ્ઠી (બંગાળ)

**તા. ૧૩ ગુરુવાર**
જેઠ સુદ સાતમ રાણી લક્ષ્મીબાઇ બલિદાન દિવસ

**તા. ૧૪ શુક્રવાર**
જેઠ સુદ આઠમ દુર્ગાષ્ટમી, ક્ષીરભવાની મેળો-કાશ્મીર, ધૂમાવતી જયંતી

**તા. ૧૫ જૂન શનિવાર**
જેઠ સુદ નોમ મહેશ નવમી, શ્રી હરિ જયંતી સૂર્યની મિથુન સંક્રાંતિ 12-39 પ્રવેશસે

**તા. ૧૬ જૂન રવિવાર**
જેઠ સુદ દશમ ગંગાદશમી, ગંગા દશહરા સમાપ્ત, ફાધર્સ ડે, મહર્ષિ યાજ્ઞવલ્ક્ય જયંતી, આચાર્ય શ્રીરામ શર્મા પુણ્યતિથિ, બટુક ભૈરવ જયંતી, સેતુબંધ રામેશ્વર પ્રતિષ્ઠાદિન

## સુવિચાર

"જે માણસનો પોતાના ક્રોધ પર કાબૂ નથી હોતો તે માણસ ખરી પડેલા સૂકા પાન જેવો છે, જે પવનના સામાન્ય જોરથી પણ ઉડી જાય છે."

અર્થ:- ક્રોધ તો દરેકને આવે છે પણ જેણે પોતાના ક્રોધ પર વિજય મેળવ્યો છે તે આખી દુનિયાને જીતી લેવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ જે પોતાના ક્રોધને જીતી શકતો નથી તે પોતાનું જીવન વ્યર્થ કરે છે કારણ કે ક્રોધને કારણે તે કોઇ પણ કાર્ય સારી રીતે કરી શકતો નથી.